## પ્રાંતિજ રેલ્વે અંડર બ્રીજના લોખંડના થાંભલા સાથે કન્ટેનર ઘુસી ગયુ



સાબરકાંઠા જિલ્લા ના રેલ્વેસ્ટેશન વિસ્તાર વિસ્તાર મા આવેલ રેલ્વે અંડર બ્રીજના લોખંડના થાંભલા સાથે કન્ટેનર ધુસી ગયુ. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ રેલ્વે અંડર બ્રીજ પાસે રેલ્વે વિભાગ દ્વારા રેલ્વે અંડર બ્રીજ ની અંદર મોટા લોડીંગ વાહનો ના ધુસી જાય તે માટે અંડર બ્રીજ ની બન્ને સાઇડ મા લોખંડના થાંભલા સાથે વચ્ચોવચ ગડરો ઊભી કરવામા આવી હતી પણ તલોદ તરફ થી ફુલફાસ્ટ આવી રહેલ કન્ટેનર ચાલકે જોયા વગર રેલ્વે અંડર બ્રીજ આગળ ઉભા કરેલ લોખંડ ના થાંભલા મા ધુસી ગયો હતો થાંબલા સાથે ધડાકાભેર અથડાતા આગળનો ભાગ કુચડો થઈ ગયો હતો જયારે કન્ટેનર ચાલક નો આબાદ બચાવ થયો હતો તો કન્ટેનર ચાલક અકસ્માત સર્જીને કન્ટેનર મુકીને સ્થળ ઉપર થી ભાગી ગયો હતો.

## પ્રાંતિજ શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલમાં ફરજ બજાવતા ત્રણ શિક્ષકો નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ શેઠ.પી.એન્ડઆર હાઈસ્કુલ ખાતે ફરજ બજાવતા ત્રણ શિક્ષકો સરકારી વય મર્યાદાને લઈ ને નિવૃત્ત થતા શાળા પરિવાર દ્વારા વિદાય સમારોહ યોજવામા આવ્યો પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવતા ત્રણ શિક્ષકો દેસાઇ વેલજીભાઈ ફતાભાઈ , રાવલ જીતેન્દ્રકુમાર બાબુલાલ , જોષી સતિષ કુમાર સોમેશ્વર ત્રણેય શિક્ષકો સરકારી ધારાધોરણ મુજબ વય મર્યાદા ને કારણે નિવૃત થતા શાળા પરિવાર દ્વારા શાળા ખાતે વિદાય સમારંભ નુ આયોજન કરવામા આવ્યુ હતુ તો તેવોને ઉપસ્થિત મહેમાનો તથા શાળા પરિવાર દ્વારા શાલ શ્રીફળ , મોમેન્ટો આપી સન્માન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકા ના પ્રમુખ દિપકભાઈ કડીયા , શાળાના આચાર્ય ડાં.પી.ડી.પટેલ મીઠાભાઇ સાહેબ સહિત શાળા સ્ટાફ સહિત શિક્ષકો આમંત્રિત મહેમાનો સંગા સંબંધીઓ સહિત મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા અને નિવૃત્ત થઈ રહેલ ત્રણેય શિક્ષકોને શુભેચ્છાઓ શુભકામનાઓ સાથે મોમેન્ટો ગીફટ આપી સન્માન કરવામા આવ્યુ હતુ.

## લોહ બોલો ... : પ્રાંતિજના બિલ્ડર પાસેથી પાલિકા સત્તાધિશોએ સાડા સાત લાખ રૂપિયા મંજૂર કરવા લીધા




સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર બની રહેલ કોમ્પલેક્ષ ની મંજુરી આપવામાટે કોમ્પલેક્ષ ના બિલ્ડર પાસેથી સુત્રોધારા મળતી માહિતી મુજબ પ્રાંતિજ ભાજપ શાસિત પાલિકાના ચૂંટાયેલા કેટલાક સભ્યોએ પ્રમુખ , કારોબારી અધ્યક્ષ તથા કેટલાક કોર્પોરેટરો દ્વારા મંજુરી માટે સાડા સાત લાખ માગણી કરી હતી અને નક્કી કરવામા આવી હતી અને આ સમગ્ર ખેલ પ્રાંતિજ નગરપાલિકા ના કારોબારી અધ્યક્ષ જશોદાબેન રાઠોડ ના પતિ નટવરસિહ રાઠોડ દ્વારા ખેલ પાડવામા આવ્યો હતો જેમા બિલ્ડર પાસેથી પ્રમુખ , કારોબારી અધ્યક્ષ સહિત કેટલાક કોર્પોરેટરો તથા નગર પાલિકા ના ચીફ ઓફિસર ના નામે હિસ્સો બિલ્ડર ને ગણાવી ને બિલ્ડર પાસેથી સાડા સાત લાખ રૂપિયા લીધા હતા અને સુત્રો દ્વારા જાણવા મલ્યુ હતુ કે આ રકમ બિલ્ડર પાસેથી નગરપાલિકા ના કોર્પોરેટર ગોવિદસિંહ દ્વારા લઈ કારોબારી અધ્યક્ષ જશોદાબેન ના પતિ નટવરસિહ રાઠોડ ને આપી હતી અને નટવરસિહ રાઠોડ દ્વારા વેચણી કરવામા આવી હતી જેમા અગાઉ નક્કી કર્યા મુજબ રકમ કેટલાક કોર્પોરેટરો ને ના મળતા કોર્પોરેટરોએ લીધી નહતી તો કેટલાકે ધરે જઈ પડીકુ ખોલતા માત્ર ૨૫૦૦૦ નિકળતા તેવો કારોબારી અધ્યક્ષ ના પતિ ને પાછુ આપી ગયા હતા અને છ લાખ તથા દોઢ લાખ પરચુરણ ખર્ચ સહિત કુલ-સાડા સાત લાખ માથી કેટલાક કોર્પોરેટરોને ઓછા આવ્યા છે તેવુ સમજાઈ આપી દઈ ને ચાર જેટલા લોકોએ બીજી રકમ અંદરોઅંદર વેચી લેતા આખરે સમગ્ર મામલાની ફુટ પડી હતી તો અગાઉ નક્કી કરેલ રકમ કરતા કારોબારી અધ્યક્ષ ના પતિએ ખેલ પાડતા કેટલાક કોર્પોરેટરોને રકમ પુરી ના મળતા ફુટ થઇ હતી તો નગર પાલિકા ચીફઓફિસર ના નામે ખોટી રીતે પૈસા પડાવ્યા હોવાનુ પણ સુત્રો દ્વારા જાણવા મલ્યુ તો બિલ્ડર દ્વારા ખોટી રીતે મજુરી માંગતા અને કામચાલુ કરી દેતા નગરપાલિકા ના મહિલા ચીફ ઓફિસર પ્રાર્થના બેન રાઠોડ ના ધ્યાને આવતા તેવોએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ-૪૯ (૧)(એક) હેઠળ કાર્યવાહી કરવા બાબત નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા , મહિલા કારોબારી અધ્યક્ષ જશોદાબેન રાઠોડ , બાંધકામ સમિતિ ચેરમેન ગીતાબેન પટેલ, ટાઉન પ્લાનિંગ ચેરમેન રીટાબેન દિલીપભાઈ રાઠોડ ને લેખિત મા રજુઆત કરી છે તો નગર પાલિકા ના મહિલા કારોબારી અધ્યક્ષ ના પતિ નટવરસિહ રાઠોડ દ્વારા અંદરોઅંદર વહેંચણી મા કપટ ને લઈ ને આખો ભાંડો ફુટી ગયો હતો જેવુ સુત્રો દ્વારા જાણવા મલ્યુ છે તો બીજી બાજુ વિધાનસભા ની ચુંટણી નજીક આવી છે અને ભાજપ શાસિત પાલિકા સત્તાધીશો દ્વારા ખુલ્લેઆમ મજુરી પેટે લીધેલ રકમ ની વહેચણી કરતા અંદરોઅંદર ફુટ થતા ભાંડો ફૂટયો છે ત્યારે આવનાર ચુંટણીઓ ઉપર પણ છોટા ઉઠયા છે ત્યારે ચાલુ નગરપાલિકા ના કેટલાક સભ્યો તો કહેતા જોવા મળે છે કે હવે કયા આવુછે તેવુ કહી જાણે પાવરો લઈ ને બધુ ઉહેરવામા પડયા હોય એમ એક પછી કોંભાડ બહાર આવતા થયા છે ત્યારે ભાજપ દ્વારા આવા કોર્પોરેટરો ઉપર તાત્કાલિક એક્શન લેશે કે પછી હોતા હે ચલતા હે જેવી સ્થિતિ જોવા મળશે એ તો હવે આવનાર દિવસોમાજ ખબર પડશે.

## ધાનેરાની શિવ શક્તિ વિશ્વકર્મા સોસાયટી તેમજ લાધાપુરામાં ચાલતી ગરબાની રમઝટ



ધાનેરા તા.૩૦

ગુજરાત અને ભારત ભરમાં માં દુર્ગા ને પ્રસન્ન કરવા ભક્તજનો દ્વારા માં ના ગુણ ગઈ માના ગરબા રમી રહ્યા છે. ત્યારે ધાનેરા શિવ શક્તિ વિશ્વકર્મા સોસાયટી અને લાધાપુરા મહાકાળી ગરબા મંડળ દ્વારા આદ્યશક્તિ જગદંબા ના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે માં આદ્યશક્તિ જગદંબાના ઉપાસકો સાથે પૂજા અર્ચના અને આરતી કરવામાં આવી હતી. આ ગરબા આયોજનમાં માતાજીના ઉપાસકોએ ગરબા રમીને માતાજી પ્રસન્ન કરી સૌને સુખ શાંતિ અને સમૃદ્ધિ અર્પે તેવી કામના કરવામાં આવે છે. હવે સોસાયટી ઓ માં ગરબા થતા હોઈ લોકો પોતાના પ્રાંગણ માંજ ગરબા ગાઈ માં ને પ્રસન્ન કરી રયાછે આમ ધાનેરા માં ગરબા રમવા અને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ભક્તિ રસ નો લ્હાવો લઈ રયા છે.

## જિલ્લામાં દશેરાના દિવસે ફાફડા-જલેબીનો સ્વાદ મોંઘો પડશે

### ગત વર્ષ કરતાં ભાવમાં ૧૫ ટકાનો વધારો : મીઠાઈ તો ઠીક પણ ફરસાણ બારેમાસ મોંઘુ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૩૦ સાબરકાંઠા, અરવલ્લી




જિલ્લામાં દશેરાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આ વખતે ફાફડા-જલેબીનો સ્વાદ માંધો પડી શકે છે. ગત વર્ષ કરતાં આ વખતે ભાવમાં ૧૫ ટકાનો વધારો ઝીંકાયો છે. મીઠાઈ તો ઠીક પરંતુ ફરસાણ બારેમાસ માં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

જિલ્લામાં નવરાત્રિના ૯ દિવસ સુધી પ્રજા મનમૂકીને ગરબે ઘૂમ્યા પછી દશેરાના દિવસે ફાફડા-જલેબી આરોગી દશેરાનું પર્વ ઉજવતી હોય છે. ૨ વર્ષ દરમ્યાન કોરોના સંક્રમણ હાવિ થયું હોવાથી સાર્વજનિક નવરાત્રિને ઝાંખપ લાગી જ્યારે દશેરાનું પર્વ પણ ગત વર્ષે ફિક્યું બની રહ્યું હતું પરંતુ આ વખતે ઝાકમ ઝોળ નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ પછી જિલ્લામાં આગામી દશેરાના પર્વની ધામધૂમથી ઉજવણી થવાની છે. દશેરાના દિવસે જિલ્લાની સ્વાદપ્રિય પ્રજા લાખો રૂપિયાના ફાફડા-જલેબી પેટમાં પધરાવતી હોય છે જેથી અઠવાડીયા અગાઉથી જિલ્લાની ફરસાણની દુકાનોમાં ફાફડા તૈયાર થઈ રહ્યા છે. આ વખતે નવરાત્રિ પર્વને મોંઘવારીનું ગ્રહણ લાગ્યા પછી દશેરા ઉપર ફાફડા-જલેબીનો સ્વાદ પણ મોંઘો સાબિત થઈ શકે છે. જિલ્લામાં આ વખતે ફાફડા-જલેબીના ભાવમાં ૧૫ ટકાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં કારીગરોની મજૂરી તેમજ અન્ય ખર્ચ વધ્યા હોવાથી આ વખતે ફાફડાના ભાવ કીલો દીઠ રૂ ૩૦ થી ૪૦૦ તેમજ શુદ્ધ ઘી ની જલેબી ૩૮૦ થી ૪૦૦ સુધી ભાવ અત્યારથી બોલાઈ રહ્યા છે. જ્યારે તેલના ભાવ ઘટ્યા હોવા છતાં ફાફડાના ભાવ ઉંચા રહેવાની સાથે તેલની જલેબી પણ કીલો દીઠ રુ ૧૮૦ થી ૨૦૦ સુધી ભાવ બોલાય છે. છેલ્લા કેટલાક સમયથી મીઠાઈ બજારમાં માવા તેમજ ડ્રાયફ્રુટની મીઠાઈ મોંઘી બની રહી છે પરંતુ હવે અન્ય ફરસાણ પણ બારેમાસ મોંઘુ બની રહ્યું છે.

### જિલ્લામાં ફાફડા-જલેબીના ભાવ

| આ વર્ષના ભાવ | ગત વર્ષના ભાવ(૧ કી.ગ્રામ) |
|---|---|
| ફાફડા છે ૩૬૦ થી ૪૦૦ | ૩૦૦ |
| શુદ્ધ ઘી ની જલેબી રુ ૩૮૦ થી ૪૦૦ | ૩૬૦ થી ૩૮૦ |
| તેલની જલેબી રુ ૧૮૦ થી ૨૦૦ | ૧૫૦ થી ૧૮૦ |

### અઠવાડીયા અગાઉથી તૈયારીઓ છતાં ફૂડ વિભાગ નિંદ્રામાં

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દશેરાના દિવસે પ્રજા મનમૂકીને જલેબી સાથે ફાફડા આરોગી જતી હોવાથી જિલ્લામાં ફાફડાની મોટી માંગને પહોંચી વળવા માટે ફરસાણની દુકાનોમાં કારીગરોએ એક અઠવાડીયા અગાઉથી ફાફડા બનાવવાની તૈયારીઓ કરી છે. જિલ્લામાં તહેવારો સમયે પ્રજાને વાસી નાસ્તા-ફરસાણ વેચનારાઓ સામે ફૂડ વિભાગ સેમ્પલ લેવા માટે દોડાદોડી કરતું હોય છે પરંતુ આ વખતે અગાઉથી ફાફડાની તૈયારીઓ છતાં વિભાગ નિંદ્રામાં છે.

## ડીસામાં ગાયોને સહાય મુદ્દે જાહેરમાં હવન : લોકોએ આહુતિ આપી

### જિલ્લાભરના ગૌ સેવકોના ધરણા યથાવત

ડીસા, તા.૩૦

ડીસાના સાઈબાબા મંદિર ખાતે ગૌમાતાની સહાય મામલે સરકાર? સામે બાંયો ચડાવ્યા બાદ આજે ગૌ સેવકો દ્વારા જાહેરમાં હવનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૫૦૦ કરોડની સહાયના મામલે ડીસામાં આંદોલન પર બેઠેલા ગૌસેવકોએ ગૌ સેવાના લાભાર્થે નવરાત્રી નિમિત્તે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૫૦૦ કરોડની સહાયના મામલે છેલ્લા ચાર દિવસથી ડીસામાં જિલ્લાના ગૌ સેવકો ધરણા પર બેઠા છે.જેમાં ૫૦ થી વધુ ગૌ સેવકોએ મુંડન કરાવી સરકારનું બેસણું રાખી આક્રોશ ઠાલવ્યો હતો ત્યારે હવે કરણી સેનાએ પણ ગૌ સેવકોના આંદોલનને સમર્થન આપ્યું છે ત્યારે આજે જાહેર જનતા સાથે રાખીને સરકારને સદબુદ્ધિ આવે તે માટે સાંઈબાબા મંદિર ખાતે હવન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહી હવનમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી.

## બનાસકાંઠાના અંતરિયાળ ગામોમાં નવરાત્રીનો અલગ અલગ મિજાજ..!

પાલનપુર તા. ૩૦

અંબાજી મંદિરમાં નવરાત્રિ દરમ્યાન જવારા ઉગાડવામાં આવે છે. ભક્તિ શક્તિના પર્વ એવા નવરાત્રીની ઉજવણી બનાસકાંઠા જિલ્લામાં આસ્થા સાથે થાય છે. જિલ્લામાં હજારો પરિવારો પોતાના ઘરમાં નવરાત્રિના ૯ દિવસ સુધી અખંડ જ્યોત રાખે છે. વડગામ તાલુકાના જલોત્રા ગામમાં ઠાકોર સમાજના પુરુષો સ્ત્રીવેશ ધારણ કરીને ગરબે ઘૂમે છે, 'અંદાજે ૧૦૦ વર્ષ પહેલાં નવરાત્રિ દરમ્યાન રોગચાળો ફેલાયો હતો ત્યારે એ સમયે વડીલોએ માતાજીને પ્રાર્થના કરી હતી કે આ રોગચાળો જતો રહે તો પુરુષો સ્ત્રીનો વેશ ધારણ કરશે અને ગરબે રમશે. માતાજીના આશીર્વાદથી રોગચાળો દૂર થયો અને ત્યારથી પ્રથા પડી છે કે ઠાકોર સમાજના પુરુષો સિકોતર માતાજીના દરબારમાં ગરબા રમે છે. નવરાત્રિમાં પાંચમના દિવસથી રોજ અલગ-અલગ વેશ ભજવાય છે. કાળકા માતાજી, સિકોતર માતાજી, જોગણી માતાજીના વેશ વડદાદાઓથી પરંપરા મુજબ નિભાવતા આવ્યા છીએ.

## ગુજરાતમાં મોડાસાની કચ્છ કડવા પાટીદારની મહિલાઓ તલવાર રાસમાં ડંકો વગાડ્યો

### ગરબા સ્પર્ધામાં પ્રથમ ઇનામ પ્રાપ્ત કર્યું



મોડાસા,તા. ૩૦

કોરોના સંક્રમણ બાદ હવે જ્યારે નવરાત્રિનો તહેવાર આ વર્ષે ઉજવાઈ રહ્યો છે ત્યારે ખેલૈયાઓમાં ઉત્સવનો પાર નથી રહ્યો ત્યારે અરવલ્લી જિલ્લામાં મોડાસામાં રહેતી સનાતન સમાજની બહેનોએ વિશ્વ ઉમિયાધામમાં સ્ટ્રીટ લેવલ પર અમદાવાદ ખાતે સ્પર્ધા યોજાઈ હતી. ત્યારે તેમાં ભાગ લઈ અને તલવાર સાથે માં ઉમિયાની સ્તુતિ કરી વિશ્વ ઉમિયા ધામમાં સ્ટેટ લેવલે ગરબા સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. નારી નવદુર્ગાનું રૂપ કહેવાય છે એ રસોડામાં પણ એટલું જ સારી રીતે બધુજ સ્વાદ સભર સાચવી લેતી હોય છે અને એ જ નારી જ્યારે તલવાર સાથે આમ કોઈ સ્પર્ધામાં ભાગ લેતી હોય ત્યારે પણ એનું એક અલગ જ રૂપ ધારણ કરતી હોય છે અને એમાં એ આગવી શકતી માતા જેમનામાં આશીર્વાદ રૂપે અર્પણ કરી દેતા હોય એવું લાગી રહ્યું છે ત્યારે વિશ્વ ઉમિયાધામના સ્ટ્રેટ લેવલની ગર્ભા સ્પર્ધામાં મોડાસા શહેરની સનાતન સમાજની બહેનોનું પ્રથમ નંબર આવતા કચ્છ કડવા પાટીદાર સમાજનું નામ ગુજરાતમાં વધાર્યું છે તેમજ માતાજીના વૈશ્વિક મંદિર નિર્માણના અધ્યાત્મિક અને સંસ્કારના પર્ણ કુટિરમાં મોડાસાની એ દીકરીઓએ અરવલ્લી જિલ્લાનું મોડાસાનું તેમજ સમાજ અને પરિવારનું ગૌરવ વધાર્યું છે.

## જિલ્લામાં શિયાળા અગાઉ પ્રજામાં શીળસનાં લક્ષણો વધ્યાં

### આસો માસમાં પિત્તજન્ય ચર્મ રોગની પરેશાની

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૩૦

ભાદરવા માસની સમાપ્તિ પછી આસો માસની શરુઆતથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પિત્તજન્ય શીળસના ચર્મરોગના લક્ષણો પ્રજામાં જોવા મળી રહ્યાં છે. અસંખ્ય લોકોના શરીર ઉપર લાલ ચકામાં થઈ જતાં ચર્મરોગથી પરેશાન બનેલા લોકોને સારવાર લેવાની ફરજ પડી રહી છે. દર વખતે ભાદરવા અને આસો માસમાં અચૂક શીળસની રોગ પ્રજામાં દેખાતો હોય છે પરંતુ આ વખતે બમણા વેગથી પિત્તજન્ય ચર્મરોગના દર્દીઓ વધ્યા છે.

શીળસ એ ચામડીની સામાન્ય રોગ છે પરંતુ શિયાળા સમયે તે વધુ હાવિ થતો હોય છે. કિશોર અવસ્થા કે મધ્ય અવસ્થામાં ૧૦ થી ૧૫ ટકા જેટલા લોકોને એકાદવાર તો શીળસ થતી જ હોય છે. પરંતુ જિલ્લામાં આ વખતે હજુ શિયાળાની શરુઆત થઈ નથી ત્યાં પિત્તજન્ય ચર્મરોગે દેખાવાની શરુઆત કરી દીધી છે. ખાસ કરીને ઠંડા પવનના સંપર્કમાં શરીરના જે ભાવ ખુલ્લો રહેતો હોય ત્યાં શીળસ વધુ હાવિ થતી હોય છે. રોગની તિવ્રતા પર આધાર રાખી નિષ્ણાત નબીબો તેની સારવાર કરતા હોય છે. જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ખાન-પાનની બદલાયેલી રીત તેમજ અયોગ્ય જીવન શૈલીના કારણે ચર્મરોગની તિવ્રતામાં વધારો થયો છે. જિલ્લામાં ઠંડીની સીઝન હજુ જામી નથી ત્યાં અસંખ્ય લોકો શીળસથી પરેશાન બની ગયા છે. તબીબી ભાષામાં શીળસને ડર્મોગ્રાફીજમ તરીકે ઓળખવામાં આવે છે. શીળસ થવા પાછળ ત્વચાના પળમાં થતો રક્તરસનો સંચય જવાબદાર હોવાનું માનવામાં આવે છે. રક્તવાહીનીઓમાં સંકોચ ઉત્પન્ન થવાથી ત્વચામાં ફરતો રક્તને પુન શરીરમાં જતું અટકી જતું હોય છે જેના કારણે શીળસનાં જાડાં ચકામાં શરીરની ચામડી ઉપર દેખાતાં હોય છે. છેલ્લા કેટલાય સમયથી જિલ્લામાં ચર્મરોગની વધેલી તિવ્રતા વચ્ચે હવે આસો માસમાં અસંખ્ય લોકો પિત્તજન્ય શીળસની ઝપેટમાં આવી ગયા છે. આયુર્વેદીક સારવારમાં પરેજી મહત્વની બનતી હોય છે જેમાં ખારું, ખાટું, તીખું તેમજ તળેલું બિલકુલ બંધ કરવું પડતું હોય છે. ઠંડીમાં બહાર નિકળવું હોય તો પૂરતાં ગરમ વસ્ત્રો પહેરીને નિકળવું તેમજ ઠંડા પાણીથી સ્નાન કરવાનું ટાળવું જોઈએ. જો આટલી પરેજી રાખવામાં આવે તો શીળસ ઉપર આપોઆપ કાબુ આવી જતો હોવાનું વૈદ્યો જણાવી રહ્યા છે. જિલ્લામાં એકાએક શીળસના લક્ષણો વધી ગયાં હોવાથી હવે જિલ્લામાં ચર્મરોગ નિષ્ણાતોને ત્યાં આ રોગની સારવાર લેવા માટે આવનારા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

**નવરાત્રિના સમયગાળામાં ફાસ્ટફૂડથી દૂર રહેવું – ચર્મરોગ નિષ્ણાત**

શિયાળાના આગમન પૂર્વે પ્રજામાં પિત્તજન્ય શીળસનાં લક્ષણો વધ્યાં છે ત્યારે મોડાસાના ચર્મરોગ નિષ્ણાત ડ.સુરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ફાસ્ટફૂડના કારણે શીળસ થવાની સંભાવના વધી જતી હોય છે તેમાંય ચોમાસા દરમ્યાન ખાટા પદાર્થો અને બીયાંવાળા શાકભાજી આરોગવાથી પણ આ રોગની તિવ્રતા વધી જતી હોય છે.

## સાબરકાંઠા, અરવલ્લીની ૮૩ ગ્રામ પંચાયતોમાં વી.સી.ઈ.ની હડતાલથી મગફળી-કઠોળનું રજીસ્ટ્રેશન ખોરંભે

### ખેડૂતોમાં દેકારો મચવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના માર્કેટયાર્ડોમાં મગફળી અને કઠોળની આવકમાં વધારો થયો છે પરંતુ સરકારે ટેકાના ભાવે તા.૨૫ સપ્ટેમ્બરથી રજીસ્ટ્રેશન શરુ કરવાની કરેલી જાહેરાતમાં વી.સી.ઈ.ની હડતાલના કારણે ૮૩ ગ્રામ પંચાયત વિસ્તારોમાં રજીસ્ટ્રેશન ખોરંભે પડ્યું છે. ખરીફ સીઝનમાં પાક ઉપજ વેચવા સમયે હડતાલથી રજીસ્ટ્રેશન ખોરવાતાં જિલ્લાના ખેડૂતોમાં દેકારો મચવાની સંભાવના છે.

રાજયના કૃષિ મંત્રીએ તા.૨૫ સપ્ટેમ્બરથી ટેકાના ભાવે મગફળીની ખરીદીનું રજીસ્ટ્રેશન શરુ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. જાહેરાતના ૩ દિવસ વિત્યા પછી પણ રજીસ્ટ્રેશનનાં કોઈ ઠેકાણાં નથી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકારે ટેકાના ભાવે મગફળી તેમજ કઠોળ ખરીદવાની જાહેરાત કરી રજીસ્ટ્રેશનની તારીખ જાહેર કરી હોવાથી હજારો ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવવા માટે તૈયારી કરી દીધી હતી પરંતુ જિલ્લાની ગ્રામ પંચાયતોના વી.સી.ઈ. હડતાલ ઉપર હોવાના કારણે રજીસ્ટ્રેશનની કામગીરી અટવાઈ પડી છે. રજીસ્ટ્રેશન શરુ ન થતાં હવે સરકારને અન્ય વ્યવસ્થા ગોઠવવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ટૂંકમાં જેમ રજીસ્ટ્રેશન વિલંબમાં પડશે તેમ જિલ્લાના ખેડૂતોની હેરાનગતિ વધી શકે તેમ હોવાથી આ મુદે ખેડૂતોમાં હોબાળો મચવાની સંભાવના છે.

જિલ્લાના કેટલાક ખેડૂતોએ તો હવે રજીસ્ટ્રેશન કોઈ ઠેકાણાં ન હોવાથી ટેકાના ભાવે મગફળી અને કઠોળ વેચવાને બદલે ખાનગી વેપારીઓને પાક ઉપજ વેચવા માટે મન બનાવ્યું છે. જ્યારે જિલ્લાના ખેતી વિભાગ પાસે પણ રજીસ્ટ્રેશન ક્યારે શરુ થશે તે અંગેની કોઈ વિગત ન હોવાથી ખેડૂતો અવઢવની સ્થિતિમાં મૂકાયા છે. જિલ્લાના અનેક ખેડૂતોએ ગ્રામ પંચાયતોમાં જઈ મગફળી અને કઠોળ વેચવા માટે રજીસ્ટ્રેશન ક્યારે શરુ થશે તેની જાણકારી મેળવવા માટે ધરમધક્કા શરુ કર્યા છે. જિલ્લામાં નવરાત્રિના પ્રથમ દિવસથી જ માર્કેટયાર્ડોમાં મગફળીની બમ્પર આવક શરુ થઈ છે અને હજુ ખેતરોમાં મગફળી ઉપરાંત કઠોળ પાકો કાઢવાની કામગીરી ધમધોકાર ચાલી રહી છે. મોટાભાગના ખેડૂતો સરકારે જાહેર કરેલા ટેકાના ભાવે પાક ઉપજ વેચવા માટે ઈચ્છા રાખી રહ્યા છે પરંતુ સરકારે જાહેર કરેલી રજીસ્ટ્રેશનની તારીખ વીતી ગયા પછી પણ સરકારની અણઘડ કામગીરીમાં નવી તારીખ કે રજીસ્ટ્રેશન શરુ થયું ન હોવાથી ખેડૂતોમાં ચણભણાટ શરુ થયો

**વી.સી.ઈ.ની હડતાલથી સરકારને અન્ય વ્યવસ્થા ગોઠવવી પડે તેવી સ્થિતિ**

રાજ્ય સરકારે તા.૨૫ સપ્ટેમ્બરથી મગફળી અને કઠોળની ટેકાના ભાવે ખરીદી કરવા માટેના રજીસ્ટ્રેશનની તારીખ જાહેર કરી પરંતુ બંન્ને જિલ્લાના ગ્રામ પંચાયતોના વી.સી.ઈ. ઘણા લાંબા સમયથી હડતાલ ઉપર હોવાથી રજીસ્ટ્રેશન ખોરવાયું છે જેથી હવે સરકારને રજીસ્ટ્રેશન માટે અન્ય વ્યવસ્થા ગોઠવવી પડે તેવી સ્થિતિ છે.

## આકરુન્દ હાઈસ્કૂલમાં પોક્સોના કાયદાની માહિતી અંગે સેમીનાર યોજાયો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૯



ધનસુરા તાલુકાની આકરુન્દ હાઈસ્કૂલમાં બુધવારે જી.એસ.એલ.એસ.એ. અને યુનિસેફ દ્વારા વિદ્યાર્થીઓ માટે પોક્સોના કાયદાની માહિતી અંગે સેમીનાર યોજવામાં આવ્યો હતો. એડવોકેટ વાય. એમ. પટેલ, પી.કે.ભરવાડ, બી.ડી.ખાંટે પોક્સો કાયદા અંગેની સમજ આપી હતી. શાળાના આચાર્ય જે.ડી.ભાટી, પ્રા.વિભાગના આચાર્ય ગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સેમીનારનું સફળ આયોજન થયું હતું.